# ધરતીની સોડમ

–કામીની સંઘવી

પીયરનું તો કુતરું મળે તો પણ મન હરખાય. તેવી ઘટના અમારા બન્ને સાથે બની. વાત એમ છે કે હું સૌરાષ્ટ્રની અને મારા પતી દક્ષીણ ગુજરાતના. વળી, અમે રહીએ સુરતમાં જે દીક્ષણ ગુજરાતનો જ ભાગ; છતાં અમારાં બન્નેનું વતન તો નહીં જ. એટલે અમારાં બન્ને વચ્ચે 'મારા પ્રદેશના લોકો જ સારા' તેવા ઝઘડા કહો કે વાગ્યુદ્ધ થયા કરે. મીઠા ઝઘડા કહેવા હોય તો કહી શકો; પણ સાથેસાથે પોતાના 'દેશ' કે 'વતન' માટે થોડું અભીમાન પણ ખરું. જેમાં ખાવા–પીવાથી લઈને પહેરવા–ઓઢવા અને રહેણી–કહેણીની ભીન્નતા પ્રત્યે થોડો પુર્વગ્રહ અને વધુ તો મુળ વતન પ્રત્યે પ્રેમની સાથે સાથે 'મારું જ સારું' તેવો ભાવ ભારોભાર. પણ મારા અને તેમના પ્રદેશમાં ફરતાંફરતાં સહજ રીતે જે બે અનુભવો અમને થયા; તેણે અમારો બન્નેનો એકબીજાના વતન પ્રત્યેનો પુર્વગ્રહ ઓગાળી નાંખ્યો. તેમ જ 'મારું જ સારું' તે ભાવ પણ ઓગળી ગયો. વાસ્તવમાં આમ આદમીમાત્રમાં જમીનની સુવાસ હોય જ છે; પછી તે સૌરાષ્ટ્રની ધીંગી ધરા હોય કે દક્ષીણ ગુજરાતનો લીલોછમ પ્રદેશ. બસ, તે બે આમઆદમીની વાત આજે માંડુ છું.

અમે અમારી ગાડીમાં સૌરાષ્ટ્રદર્શને નીકળ્યાં હતાં. પ્રભાસ પાટણ સોમનાથ દાદાના દર્શન કરી અમે કોડીનાર તરફ જતાં હતાં. ત્યાં રસ્તામાં એક વૃદ્ધ, નાનકડાં હૃષ્ટપુષ્ટ ભુંલકાંઓ સાથે રોડને કીનારે ઉભા હતા. દાદાનો કમ્પ્લીટ કાઠીયાવાડી 'લુક' તથા તેમણે હાથમાં તેડેલું નાનકડું બાળક, ગીરની વનરાજી, આસપાસ વાડી–ખેતર, ગોધુલી સમય. બધું એકબીજામાં ઓતપ્રોત ! એક સુંવાગ, સંપુર્ણ રેખાચીત્ર. તેમની છબી મારા મનમાં ક્લીક થઈ. પરફેક્ટ પોઝ હતો. કોઈ પણ છબીકારને છબી પાડવાનું મન થાય તેવો. મારો પત્રકાર જીવ સળવળ્યો. હું અને મારા પતી તેમના ફોટા પાડવા, ગાડી ઉભી રાખી, નીચે ઉતર્યાં. દાદાની મંજુરી લઈ ફોટા પાડ્યા. પછી ગાડી તરફ જવા ડગ માંડ્યા ત્યાં દાદા કહે, 'ભલા માણા', મારી છબીઓ ખેંચીને તે કાંઈ એમને એમ જવાતું હશે ? બાજુમાં જ વાડી છે, હાલો, જરા પાણી–બાણી પીતા જાવ.' 'અમારા યજમાન કોડીનારમાં રાહ જોતા હશે. ફરી ક્યારેક આવીશું અત્યારે જઈએ' એવા અમારા આવા જવાબને તે વળી સૌરાષ્ટ્રની ધીંગી ધરાનો જીવ ગણકારતો હશે ?

'વધારે વાર રોકાણ ન'ઈ કરાવું; પણ પાણી પીતા જાવ.' હવે તેમના આગ્રહ સામે હથીયાર હેઠાં મુકવા સીવાય કોઈ રસ્તો ખરો ? વાડીમાં જતાં જતાં વાતચીત ચાલુ થઈ. 'આતા,' (સૌરાષ્ટ્ર તરફ ઉંમરલાયક વડીલને 'આતા' કહેવાનો રીવાજ છે.) એમણે તેડ્યું હતું તે ભુલકાં તરફ આગંળી ચીંધી મેં પુછ્યું, 'દીકરો કે દીકરી ?'

'મારા મોટા દીકરાની પેલ્લા ખોળાની ગગી છે. હજુ પાંચ મ'ઈનાની થઈ. અઈ રોડ કણે વાહન નીકળ્યાં કરે તે જોવું તેને બવ ગમે. તે સાંજ ટાણે થોડીવાર તેને તેડીને આંઈ ઉભો રહું.' પરાણે વહાલી લાગે તેવી 'ગગી'ને મેં તેડી. વાડી પર જતાં જતાં રસ્તામાં તેમણે માહીતી આપવા માંડી. 'ઓણ પાક હારો થ્યો છે. શેરડી થઈ ગઈ.

માંડવી(મગફળી) હારી થઈ છે અને ઘઉં ફાગણે ઉતરહે. તમે પોંક ખાવામાં થોડા વે'લા છવ. નહીંતર આંઈકણે જ તમને સરસ તાજો પોંક શેકીને ખવડાવતે.'

વાડીના તેમના પાકા મકાન પર પહોચ્યાં તેવા જ તેમણે, 'સવી, ખાટલા પાથર. રંજુ, ગોંદડાં લાઈ. આંય કણે મે'માન આવ્યાં છે.' તરત જ બે–ચાર યુવાન–યુવતી અમારી સરભરામાં આવી ગયાં એકે ખાટલા ઢાળ્યા, બીજાએ તેના પર સરસ રંગીન ગોદડાં પાથર્યાં. બીજો તરત માટલામાંથી ચળકતા પીત્તળના લોટામાં પાણી લાવીને ઉભો રહ્યો. અમે બધાંએ પાણી પીધું અને ખાટલા પર બેઠા. આતાએ તેમના બે દીકરા અને બે દીકરીની ઓળખાણ કરાવી. મોટા દીકરાની વહુ અમારી સાથેના વડીલને પગે લાગી. ત્યાં તો આતાએ ફરી હુકમો કરવા માંડ્યા. 'ભલાં.., થોડાં નાળીયેર ઉતાર તો.' તરત એક છોકરો નાળીયેરીના ઝાડ પર ચડવા માંડ્યો. અમે આતાને વારવા માંડ્યા કે ભાઈ તમે મહેનત કરાવવી રહેવા દો. અમારે જવું જ છે. પણ આ ગ્રામપીતા અમારી વાત માને ખરો ? ભલાંએ ઝાડ પરથી નાળીયેર ઉતાર્યાં. પપૈયાના ઝાડની ડાળખી તોડી, નાળીયરમાં કાણું પાડી, ભરાવી, અમને નાળીયેર આપ્યાં. અમે વીસ્મયથી તાકી રહ્યા. ફ્રેશ ફ્રેશ કોકોનટ વોટર વીથ નેચરલ સ્ટ્રો ! સુરત શહેરમાં રહેનારે તો કે'દાડે આવાં તાજાં તરોપાંને વળી તાજી તોડેલી પપૈયાની ડાળખીથી બનેલી સ્ટ્રો વડે તરોપાંનાં અમૃતજળનો સ્વાદ લીધો હોય ? રોમ રોમ અમી પહોંચ્યું. હજુ તો તરોપાનો મીઠો સ્વાદ વાગોળતાં બેઠાં, ત્યાં આતાની વહુ, ભેંસનું દુધ દોહીને આવી અને સીધી જ અમારા માટે ચુલા પર ચા બનાવવા લાગી. અમે હા–ના કહીએ ત્યાં તો હાથમાં રકાબીઓ અને કીટલી લઈને હાજર ! 'શે'રના લોકને ચા પીવાની ટેવ હોય ને !' તેવું આતા બોલ્યા. અમે પણ તાજા દુધની દુધપાક ચા પીધી. (હવે ત્રણ અને ચાર ફેટના દુધની ચા પીવા ટેવાયેલાને તો આ સાત–આઠ કે વધારે ફેટવાળા દુધની ચા 'દુધપાક' જ લાગે ને!) ત્યાં તો તાજાં ચીકુ–જમરુખની તાસક આવી, 'લ્યો મારી વાડીનાં જ છે. બહુ મીઠાં છે.' અમે તેને પણ ન્યાય આપ્યો. માટલાનું ઠંડુ પાણી, તેના પર તરોપાં અને હવે કઢીયેલ ચા અને ઉપર ફળાહાર.. મને થયું, યજમાનને ત્યાં પહોંચીને જમી શકાય તો સારું ! આતા ભોળા તેમ જ વાતોડીયા. જાતે રબારી; પણ દીકરીને મેટ્રીક સુધી ભણાવી. એકનું આ વર્ષે આણું છે ને બીજીને જરા પગે પોલીયો. એટલે પી.ટી.સી. કર્યા પછી અમદાવાદ કૉલેજ કરવા મોકલી છે. પગભર થાય તો સારું ને ! ભાઈ–ભાભીને માથે ન પડે. આવું તો કહેવાતા ભણેલાં શહેરીજીવ પણ ક્યાં સમજે છે ?

ઝાલરટાણું થવા આવ્યું હતું અમે રજા લેવાની તૈયારી કરી. પણ આતા એમ છોડે ? હવે વાળું કરીને જ જાવ ને ! અમે સમજાવવાનો પ્રયત્ન કર્યો, અમારા યજમાન રાહ જોતા હશે. અને હવે તો વાળુ થઈ શકે એટલી જગ્યા પણ પેટમાં નથી. પણ આતા માને ? હોય કાંઈ એમ ને એમ જવાતા હશે ? રંજુ, થોડાં રીંગણ તોડીને મે'માનને આપ. રંજુ પણ આતાની જ દીકરી ને ! એટલે રીંગણની સાથે સાથે મોટો થેલો ભરીને માંડવી પણ લાવી. 'લો, તૈં માંડવી લઈ જાવ. ઘરની જ છે. બહુ મીઠી !' અમે તેમની પરોણાગીરીથી સાવ જ અબોલ થઈ ગયાં હતાં. ચીપી–ચીપીને કે જોખી–જોખીને બોલવા–સાંભળવા ટેવાયેલા શહેરીજીવને એક આંખની ઓળખાણ પર પાંચ–દસ કીલો મગફળી આપવા તૈયાર થઈ ગયેલો જીવ તો દરેક અર્થમાં ગામડીયો જ લાગે ને ! અમે આતાને પગે પડ્યા. બસ, અમે બહુ પામ્યા. મગફળી રહેવા દો. તમારા પ્રેમથી જ તરબર છીએ. અમારી સાથેના વડીલે

આતાની ગગીના હાથમાં થોડા પૈસા મુકયા. અને આતાએ ભલાને કહ્યું, 'જા આ માંડવી ઉંચકીને આગળ જા ને ગાડીમાં મુકીને આવજે.' અમે કશું કહીએ તે પહેલાં તો આતા, 'મારા હમ, જો તમે હવે માંડવી લઈ જવાની ના પડો તો.' શું બોલવું ? ભલો અમારી સાથે ગાડી સુધી થેલો ઉંચકીને આવ્યો. આતા અને ગગી પણ અમને આવજો કહેવા રોડ સુધી આવ્યા. ગગીને ફરી કચકડે કંડારી. ઝવેરચંદ મેઘાણીએ જે સૌરાષ્ટ્રની ધીંગી ધરાની કહાની સૌરાષ્ટ્રની રસધારામાં પાને પાને ઉતારી છે તેનો સાક્ષાત્કાર કરી અમે ભર્યા દીલે ગાડીમાં બેઠા. બેસીને પહેલો સવાલ જાતને પુછયો. આપણે અજાણ્યા માણસને પાણી પણ પીવડાવીએ ખરા ?

●♦●

દર વર્ષે ચોમાસામાં ડાંગના જંગલમાં એક–બે દીવસ ફરવા જવું તેઓ અમારો નીયમ. મોટા ભાગે સાથે સીધુ–સામાન લઈને જઈએ. એકાદ વખત ત્યાંની દેશી રેસ્ટોરન્ટમાં ત્યાંનું દેશી ભોજન માણીએ. ગયા વર્ષે અમે ચાર–પાંચ જણા અઝમલગઢ ગયા હતા. વળતા અઝમલ ગઢની ટેકરી ઉતરતા એક ખેતરમાં દસ–બાર સ્ત્રીઓને ડાંગર વાવતી જોઈ. વરસાદ અલપઝલપ પોતાની હાજરી પુરાવતો હતો. ચારે બાજું લીલુંછમ હરીયાળું વાતાવરણ. વળી સાથે હરીયાળા સાથીદાર. પેલી ડાંગર વાવતી સ્ત્રીઓનો ફોટા લેવા હું તેમની નજીક ગઈ. બધી સ્ત્રી મને ફોટો પાડતી જોઈ રાજીની રેડ. પછી મેં પણ તેમની વાંસની ભારેખમ છત્રી ઓઢી ફોટા પડાવ્યા. ઝાઝી વાતચીત ના મેં કરી, ના તેમણે. તેઓ તેમનાં કામમાં પાછા મગ્ન થઈ ગયાં અને હું મારા. ફરતાં ફરતાં અમે અમારી ગાડી પાસે પહોચ્યાં ત્યાં તો તે બધી સ્ત્રીઓ પણ એક ઝુંપડી નીચે બેઠી હતી. બાજુના પાકા મકાનમાંથી એક સ્ત્રી આવીને તેમના હાથમાં માટલી અને સુંડલો મુકી ગઈ. અમને સમજાયું કે તેઓ જમવાના લાગે છે. તેમને સંકોચ ન થાય તેટલા માટે અમે આગળ જવા લાગ્યા. ત્યાં એક સ્ત્રી બોલી, 'બેન, તું રોટલો ખાવાની ?' તેમની નજીક જઈને જોયું તો સુંડલામાં રોટલા અને માટલીમાં કઠોળ. સાથે એક પડીયામાં ચટણી. રોટલો જોઈને હું ઓળખી ગઈ. આ તો ચોખાનો. પાછો ગરમ ગરમ. તે બધી તો એમ જ હાથમાં રોટલો, સુકી તુવેરનું શાક અને લાલ મરચાંની ચટણી લઈ ખાવા મંડી. મને પણ હાથમાં રોટલો પકડાવ્યો. કઠોળ ખાતાં જીવ ન ચાલ્યો. આ આટલાં બધાં અને આવી સખત મજુરી, ખાવાનું કદાચ ઘટી પડે તો ? એટલે થોડી ચટણી લીધી. આહ, ચોખાનો રોટલો ! કોઈ ઢોંસા જેવો પાતળો, વળી સાથે મરચાંની ચટણી. મારા રોટલા પર ચટણી જોઈ તે બોલી, 'બેન, તને તીખી લાગહે. થોડી ઓછી ખાજે.' જીભ પર મુકતાં જ ડાંગી લવીંગીયાં મરચાંની ચટણીની તીખાશ જીભ પર લાગી. અમે બે વચ્ચે અડધો અડધો રોટલો ખાધો. મને થયું મારે પણ તેમને કશું આપવું જોઈએ. કેટલાં ગરીબ છે ! તેવો જ ભાવ ! એટલે ગાડીમાંથી થોડાં વેફર અને બીસ્કીટના પૅકેટ લઈને આવી અને તેમને આપ્યાં. પણ તેણે ના પાડતા કહ્યું, 'તારી પાંહે રાખ, તને ખાવા કામ લાગહે.' મેં સમજાવ્યું કે મારી પાસે બીજાં ઘણાં છે એટલે આ તમે રાખો. પણ તે ન માની. 'તને અ'ઈનું ખાવા ન ભાવે. રસ્તે કામ આવહે.' છેવટે મેં ભાર દઈને કહ્યું, 'તારા પોયરા માટે છે. રાખી લે.' ત્યારે માંડ તેણે એક પેકટ લીધું. હું ભોંઠી પડી. આ અન્નપુર્ણાને વળી અન્ન આપનાર હું કોણ ? ગરીબાઈમાં તેનું ખમીર જીવંત હતું. અંતે તો ધરતીની છોરી ને !

માણસ ધરતીની નજીક રહે તો જ ધરતીની વીશાળતા તેનામાં ધબકતી હશે ? મને સૌરાષ્ટ્રનો પહેલો ખમતીધર ખેડુ યાદ આવી ગયો. તે કે ડાંગની પેલી અકીંચન આદીવાસી સ્ત્રી. તેમનામાં હજુ માણસાઈ ધબકે છે, માણસને જોઈને માણસ બનતાં આવડે છે. હૃદયની વીશાળતાની ખોટ શહેરમાં કેમ કાયમ અનુભવાય છે ? કે પછી માનવીનો 'વીકાસ' તેને માનવ બનતાં અટકાવે છે ?

હવે હું અને મારા પતી ક્યારેય એકબીજાના પ્રદેશ વીશે ટીકા કરતા નથી કે મારા 'દેશ'ના લોકો જ સારા તેવું એકબીજાને સંભળાવતા નથી. અમે પણ હવે માનવ બનવાનો પ્રયત્ન કરીએ છીએ. આખરે જન્મ તો માણસનો લીધો છે ને !

–કામીની સંઘવી

સમ્પર્ક :

કામીની સંઘવી

ડી/804/ ન્યુ સનસીટી અપાર્ટમેન્ટ, ભુલકાં ભવન સ્કુલ પાછળ, કસ્તુરબા શાક માર્કેટની સામેની ગલીમાં, આનંદ મહેલ રોડ, અડાજણ, સુરત–395 009 Phone : 094271 39563

eMail: kaminiks25@gmail.com Face book: https://www.facebook.com/kamini.parikh.161

♦●♦

'સન્ડે ઈ–મહેફીલ' – વર્ષઃ દસમું – અંકઃ 308 – November 02, 2014

'ઉંઝાજોડણી'માં અક્ષરાંકનઃ ઉત્તમ ગજ્જર - uttamgajjar@gmail.com

@@@@@

More than 3,11,13,000 Gujarati Language lovers have visited

http://www.gujaratilexicon.com

More than 36,90,000 have visited Digital Bhagwadgomandal

http://www.bhagwadgomandal.com

More than 7,02,000 have visited Lokkosh

http://lokkosh.gujaratilexicon.com

More than 1,10,000 have visited Global-Gujaratilexicon

http://global.gujaratilexicon.com

@@@@@@@@@